# ખંભીસર ગામની મુલાકાતે જીગ્નેશ મેવાણી પહોંચ્યા

## ડીવાયએસપી ફાલ્ગુની પટેલ સામે એટ્રોસિટીનો ગુન્હો નોંધવા માંગ

મોડાસા, તા. ૧૫

ખંભીસર પહોંચેલા જીગ્નેશ મેવાણીએ દલિતોના વરઘોડા પર થતા હુમલા અંગે ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ કરેલી પ્રેસ કોન્ફરન્સ અંગે ટીકા કરી થાનગઢનો રિપોર્ટ દબાવીને બેઠા છે, ઉનાના અને ભાનુભાઈના પરિવારજનોને ન્યાય નથી મળ્યો, જમીનોના કબ્જા ફક્ત કાગળ પર, ઉભરાતી ગટરોમાં ઉતારી દલિતોને મારવાનું ચાલુ, ગ્રામ્ય વિસ્તારોમાં આભડછેટ ચાલુ કઈ રીતે પ્રદીપસિંહ કહે છે કે દલિતોની સાથે છું મજાક કરો છો આજે પણ આ પીડિત પરિવાર ભયના ઓથાર હેઠળ અને એફઆઈઆર પણ લેવાતી નથી, આ પ્રદીપસિંહની કોન્ફરન્સ ખાલી હોવાનું અને દલિતોને કોઈ લાભ થતો ન હોવાનું જણાવ્યું હતું.

બુધવારે બપોરે ખંભીસર પીડિત પરિવારની મુલાકાતે પહોંચેલા વડગામના ધારાસભ્ય જીગ્નેશ મેવાણીએ ગામના કોઈપણ લોકો સાથે પૂર્વગ્રહ ન હોવાનું જણાવી આજે પણ દોસ્તીનો હાથ લંબાવવા તૈયાર હોય તો અમે સાથે બેસવા તૈયાર હોવાનું જણાવ્યું હતું અને કોઈપણ પ્રકારનું વૈમનષ્ય થાય એવું કશું ઉભું કરવા માંગતા નથી. દલિતો પર થતા અત્યાચાર અંગે પત્રકારોએ જીગ્નેશ મેવાણીને હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરના મૌન અંગે પુછાતા તેમને આ અંગે મીડિયાએ હાર્દિક પટેલ અને અલ્પેશ ઠાકોરને પૂછવું જોઈએ કહી ચુપકીદી સાધી લીધી હતી.

આઝાદીના ૭૨ વર્ષ પછી



અનુ.જાતિ સમાજના યુવક જયેશ ડાહ્યાભાઈ રાઠોડના વરઘોડામાં ચુસ્ત પોલીસ બંદોબસ્ત હોવા છતાં ગામની મહિલાઓએ જાહેરમાર્ગ પર ભજન-કીર્તન કરી વરઘોડો અટકાવ્યા પછી પોલીસતંત્રની નિષ્ફળતાના પગલે બંને સમાજના લોકો આમને-સામને આવી જતા ઘર્ષણ થતા વરઘોડો અધૂરો રહ્યો હતો ત્યારબાદ ગામમાં તંગદિલીભર્યુ વાતાવરણ જોવા મળી રહ્યું છે.

વડગામના ધારાસભ્ય અને દલિત અધિકાર મંચના જીગ્નેશ મેવાણી બુધવારે પીડિત પરિવારની મુલાકાત લીધી હતી અને પોલીસતંત્રની નિષ્ફળતાથી ઘર્ષણની સ્થિતિ પેદા થઈ હોવાનું જણાવી મહિલા ડીવાયએસપી ફાલ્ગુની પટેલ સામે એટ્રોસિટીની ફરિયાદ નોંધવાની માંગ કરી હતી અને અરવલ્લી અને મોડાસા પોલીસ દલિત વિરોધી માનસિકતા સાથે વર્તી રહી હોવાનો આક્ષેપ કર્યો હતો.

જીગ્નેશ મેવાણીએ વધુમાં જણાવ્યું હતું કે ૧૪ એપ્રિલનો ડૉ.બાબાસાહેબ આંબેડકરની ભવ્યાતિ ભવ્ય ઉજવણીમાં આ ગામના કેટલાક જાતિવાદી પેટમાં તેલ રેડાયું અને એ બાબતનો પૂર્વગ્રહ રાખી યુવકનો વરઘોડો કાઢવા દીધો ન હોય એવું લાગી રહ્યું છે. અરવલ્લી જીલ્લા પોલીસતંત્ર દલિત વિરોધી તરીકે વર્તી રહી છે સમગ્ર દેશના દલિતો વરઘોડા અત્યાચાર મામલે ગુન્હો દાખલ થાય છે કે કેમ..? રેન્જ આઈજી, એસપી અને પોલીસ અધિકારીઓનું ગામના લોકો પર દબાણ કરી ફાલ્ગુની પટેલનું નામ ના આવે એજ શરતે ગુન્હો દાખલ કરીએ એટલે આ કેશની અંદર ઉચ્ચસ્તરીય કમિટીની રચના ના થાય તો અહીંના પોલીસતંત્ર આ કેશમાં પ્રોપર એફઆઈઆર કરે ચાર્જશીટ કરે ટ્રાયલ ચલાવે અને ન્યાય આપે એવું માનવાનું શક્ય નથી આવું મને વરરાજા અને ગામના લોકોને મળ્યા પછી લાગે છે.

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સ્પષ્ટ આદેશ કરી પોલીસતંત્ર સામે આદેશ કરી જવાબદાર અધિકારી સામે પગલાં ભરવામાં આવે અને વરઘોડાના અત્યાચારનો ભોગ બનનાર યુવક સાથે રાજ્યના બધા દલિતો અને વિવિધ સંગઠનો સાથે હોવાની સાથે ફાલ્ગુની પટેલની બદલી કરી ખાતાકીય તપાસની માંગ માટે રેન્જ આઈજી રજુઆત કરવામાં આવશે અને ફાલ્ગુની પટેલ સામે ફરિયાદ નોંધવામાં નહિ આવે તો છેક સુધી લડી લેવાની તૈયારી હોવાનું અને સ્વાભિમાનના ભોગે સમાધાન તો ક્યારેય કરવામાં નહિ આવે તથા હથિયાર હેઠા મુકતા આમને ફાવતું ન હોવાનું જણાવ્યું હતું.

જીગ્નેશ મેવાણીની મુલાકાત સમયે કઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મોડાસા હજીરા વિસ્તારથી લઈ ખંભીસર ગામમાં એસઆરપીની ટુકડી તૈનાત કરી પોલીસ છાવણીમાં સમગ્ર વિસ્તાર ફેરવી નાખ્યો હતો. મોટી સંખ્યામાં ભીમ સૈનિકો ઉપસ્થિત રહ્યા હતા.

# ખંભીસર અનુ.જાતિ યુવકના વરઘોડામાં જવું પાલનપુરના બે વ્યક્તિને ભારે પડ્યું

મોડાસા, તા. ૧૫

મોડાસા તાલુકાના ખંભીસર ગામે અનુ.જાતિ સમાજના યુવકના રવિવારે યોજાયેલા વરઘોડામાં ગામના પટેલ સમાજની મહિલાઓએ ભજન-કીર્તન વિઘ્ન સર્જાતા અને રક્ષણ માટે માંગેલ પોલીસ બંદોબસ્ત કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જાળવવામાં સંપૂર્ણ નિષ્ફળ રહેતા બંને સમાજની મહિલાઓ આમને-સામને આવ્યા પછી ઘર્ષણ સર્જાયું હતું અને પથ્થરમારો થતા પોલીસે લાઠીચાર્જ કરી સ્થિતિ કાબુમાં લીધી હતી. અનુ.જાતિ યુવક જયેશના વરઘોડામાં આવેલા યુવકની બાઈક અટકાવી બાઈક પાછળ બેઠેલા આધેડ પર એક મહિલા સહીત ૩ લોકોએ લાકડા (આડુ) વડે જીવલેણ હુમલો કરતા ગંભીર રીતે ઈજાગ્રસ્ત આધેડને સાર્વજનિક હોસ્પિટલ માં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો હતો. યુવકની ફરિયાદના આધારે મોડાસા રૂરલ ૧ મહિલા સહીત ૩ શખ્સો સામે ફરિયાદ નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



રવિવારે સાંજના સુમારે પાલનપુર ગામનો ૩૦ વર્ષીય યુવક રાકેશ રમણભાઈ ચમાર અને નટુભાઈ કચરાભાઈ બંને ખંભીસર ગામે તેમના સબંધી યુવક જયેશ ડાહ્યાભાઈ રાઠોડના વરઘોડામાં આવતા હતા. વરઘોડામાં થયેલ ઘર્ષણથી અજાણ બંને શખ્સોની બાઈકને ખંભીસર તળાવ નજીક કામિનીબેન શૈલેષભાઈ પટેલે રોડ વચ્ચે ઉભા રહી અટકાવી અહીંથી નીકળવું નહિની ધમકી આપી ગામના વિરમભાઈનો બનેવી છે જાતિ વિષયક અપમાનજનક શબ્દો બોલી પાડી દો તેમ કહી રમણભાઈ મોતીભાઈ પટેલે તેમના હાથમાં રહેલા લાકડા (આડુ)ના ઘા પીઠ પાછળ, ડાબા હાથે મારી હુમલો કરતા ભગાભાઈ કાળાભાઈ પટેલ અને કેતન શંકરભાઈ પટેલે પાલનપુરના રાકેશભાઈ રમણભાઈ ચમાર અને નટુભાઈ કચરાભાઈને ગડદાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપી જાતિ પ્રત્યે અપમાનિત શબ્દો બોલતા બંને અનુ.જાતિના વ્યક્તિઓ માંડ માંડ જીવ બચાવવામાં સફળ રહેતા ગંભીર ઈજાગ્રસ્ત નટુભાઈ કચરાભાઈને સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાતા હાલ નટુભાઈની સ્થિતિ સ્થિર રહેતા રાકેશ રમણભાઈ ચમારની ફરિયાદના આધારે મોડાસા રૂરલ પોલીસે રમણભાઈ મોતીભાઈ પટેલ, ભગાભાઈ કાળાભાઈ પટેલ, કામિનીબેન શૈલેષભાઈ પટેલ અને કેતનભાઈ શંકરભાઈ પટેલ (તમામ,રહે, ખંભીસર) વિરુદ્ધ ઈપીકો કલમ-૩૨૩, ૫૦૪, ૫૦૬(૨) તથા ૧૧૪ અને એટ્રોસિટી એક્ટ કલમ અને જીપી એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી ૪ આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

# ધાનેરાના માલોત્રા ગામે તળાવમાંથી ગેરકાયદેસર રીતે માટીનું ખનન

ભૂસ્તર વિભાગ દ્વારા બિન પરવાનગી થી રેતી-માટીનું ખનન અટકાવવામાં આવે છે અને ત્યારે ધાનેરા તાલુકાના માલોત્રા ગામે અમુક લોકો દ્વારા પંચાયતની પરવાનગી વગર મનમાની કરી તળાવની માટીનું ખનન થઈ રહ્યું છે






આ બાબતે સરપંચ શ્રી ને પણ અંધારામાં રાખીને મોટા માથા વાળા તત્વો પોતાના જે.સી.બી.નો ઉપયોગ કરીને બિન પરવાનગીથી તળાવમાંથી માટી ઉપાડી રહ્યા છે.

આ બાબતે જે.સી.બી. વાળાને પુછતાં કોઈ પરવાનગી લીધી નથી તેવું કહેવું છે અને એમાં શું પરવાનગી લેવાની હોય સરપંચ શ્રીને ફોન કરતાં સરપંચનું કહેવું છે કે મે કોઈ મંજુરી આપી નથી આમ ગેરકાયદેસર તળાવ માથી ખનન કરનારા પર ધાનેરા નાયબ કલેકટરશ્રી સાહેબ યોગ્ય કાર્યવાહી કરશે તેવી લોકો ની માંગ છે.

### શામળાજીના ખેરંચા ગામમાં એક મકાનમાં

# રાંધણગેસની પાઈપ લીકેજથી આગ લાગતા મહિલા દાઝી

શામળાજી, તા. ૧૫

ભિલોડાના શામળાજી નજીક આવેલા ખેરંચા ગામે પટેલ ફળિયામાં રાંધણ ગેસની પાઈપ લીકેજ થતા ગેસ ગળતર થતા આકસ્મિક આગ ફાટી નીકળતા રસોડામાં રહેલી મહિલા દાઝી ગઈ હતી. રસોડામાં લાગેલી આગ ઘરમાં પ્રસરતા ઘરવખરી બળીને ખાખ થઈ હતી. આગના ધુમાડાના ગોટેગોટા નીકળતા અને મહિલાએ બુમાબુમ કરતા આજુબાજુથી દોડી આવેલા ગામલોકોએ પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવ્યો હતો. આગથી શરીરે દાઝેલી મહિલાને સારવાર અર્થે દવાખાને ખસેડાઈ હતી.

ખેરંચા ગામે પટેલ ફળિયામાં આવેલા કેશાભાઈ રેવાભાઈ પટેલના ઘરના રસોડામાં રહેલા રાંધણ ગેસની પાઈપ અને રેગ્યુલેટરમાં લીકેજ થતા ગેસ ગળતરથી રસોડામાં આગ લાગતા રસોડામાં કામકાજ કરતા કેશભાઈ પટેલના પત્ની મંજુલાબેન પણ આગની ઝપેટમાં આવતા દાઝી જતા અને આગના ગોટેગોટા બહાર નીકળતા આજુબાજુથી લોકો દોડી આવી પાણીનો મારો ચલાવી આગ પર કાબુ મેળવે તે પહેલા ઘરમાં રહેલું રાચરચીલું, ઘરવખરી, ફ્રીઝ, પંખા, આરો પ્લાન્ટ અને મિક્સર મશીન સહીત ઈલેકિટ્રક માલસામાન બળીને ખાખ થતા અંદાજે બે લાખનું નુકશાન થયું હતું. ગામલોકોએ મહામહેનતે આગ પર કાબુ મેળવ્યો હતો અને શરીરે દાઝી ગયેલા મંજુલાબેનને સારવાર અર્થે દવાખાને ખસેડાયા હતા.

# પ્રાંતિજ ખાતે શ્રી મહાકાળી માતાનો ૧૨મો પાટોત્સવ યોજાયો

### હજારોની સંખ્યામાં માઇ ભક્તોએ દર્શન કરી પ્રસાદ લઈ ધન્યતા અનુભવી

પ્રાંતિજ, તા. ૧૫

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ રેલવે સ્ટેશન ઉપર આવેલ શ્રી મહાકાળી માતાનો ૧૨મો



પાટોત્સવ યોજાયો હતો જેમાં દિવસ દરમિયાન હવન-પૂજા-આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા.

પ્રાંતિજ રેલવેટેશન ઉપર આવેલ શ્રી મહાકાળી માતાના મંદિર ખાતે તારીખ ૧૫-૫-૨૦૧૯ને બુધવારના રોજ એક દિવસીય ૧૨મો પાટોત્સવ યોજાયો હતો. મંદિરમાં સ્થાપિત કરવામાં આવેલ શ્રી હિંગળાજ માતાની મૂર્તિ ખંડિત થતાં હિંગળાજ માતાની મૂર્તિની ફરી પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. મૂર્તિના દાતા એ.ડી. ભાવસાર તથા પાટોત્સવના યજમાન ચકાભાઈ બારોટ રહ્યાં હતા. દર વર્ષની જેમ આ વર્ષે પણ રેલવેટેશન યુવક મંડળ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું અને દિવસ દરમિયાન ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ધજા રોહન હવન પૂજા આરતી સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાયા હતા. પાટોત્સવમાં રેલવે સ્ટેશન વિસ્તાર સહિતના પ્રાંતિજ તથા આજુબાજુમાંથી માઈભક્તો ધર્મપ્રેમી લોકો હજારોની સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને દર્શન કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

મંદિર વ્યવસ્થાપકો શંકરભાઈ રાવલ, દેવશીભાઈ પટેલ, સતિષભાઈ રાવલ, મણીભાઈ સથવારા, પ્રફુલભાઈ પટેલ અને રેલ્વે સ્ટેશન યુવક મંડળ પરેશભાઈ ભાવસાર, ધમેન્દ્રભાઇ ભાવસાર, પિન્ટુભાઇ, નિસાત, આદિત્ય, યશદિપ દ્વારા સુંદર આયોજન કરવામાં આવ્યું હતું.



## દિકરી બની દિકરા સમાન સૂત્રને સાર્થક કર્યું

પાશ્ચાત સંસ્કૃતીનું વળગણ લાગતાં ૨૧મી સદીના હાઈટેક યુગમાં અમુક દિકરાઓ માતા-પિતાની સેવા ચાકરી કરતા નથી તેવા કિસ્સા સમાજમાં ઠેર-ઠેર જોવા મળી રહ્યા છે.વૃધ્ધાશ્રમની સંખ્યા દિન-પ્રતિ-દિન વધી રહી છે તે ભારતીય સંસ્કૃતી માટે ખરેખર ચિંતાજનક બાબત છે.અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકા મથક ખાતે નવા ભવનાથમાં પિતાના અવસાન પ્રસંગે દિકરીઓએ કાંધ,અગ્નિદાહ આપી "દિકરી બની દિકરા સમાન" દિકરો દિકરી એક સમાન સુત્રને સાર્થક કર્યુ હતું.સગાં-સબંધીઓ,ગ્રામજનો ભાવુક થઈ ગયા હતા.ભિલોડાના નવા ભવનાથ ગામના રહેવાસી ભવાનીશંકર રાવલનું ૮૬ વર્ષની જૈફ વયે અવસાન થયેલ હતું.તેઓને દિકરો ન હતો પરંતુ દિકરીઓ હતી.આજના ૨૧મી સદીના હાઈટેક યુગમાં દિકરાઓ માતા-પિતાની સેવા ચાકરી કરતા નથી તેવા કિસ્સા સમાજમાં ઠેર-ઠેર જોવા મળી રહ્યા છે.સમાજની આંખ ઉઘાડે તેવો કિસ્સો જોવા મળ્યો હતો.ભવાનીશંકર રાવલના અવસાન બાદ તેમની દિકરી સંગીતાબેન રાવલ,કિરણબેન રાવલએ પિતાની નનામીને કાંધ આપી,અગ્નિદાહ અશ્રુભીની આંખે આપતાં સ્મશાનમાં ઉપસ્થિત સૌ-કોઈ ભાવુક થઈ ગઈ હતા.

# રાજયની ગેરકાયદે શાળા સામે કાર્યવાહી કરવા બોર્ડનો આદેશ

અમદાવાદ,તા. ૧૫

અમદાવાદ સહિત રાજયભરમાં ચાલતી ગેરકાયદેસર માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ પર કાર્યવાહી કરવાનો બહુ મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. કેટલીક ટ્રસ્ટ દ્વારા બોર્ડની મંજૂરી વગર શાળાઓ શરૂ કરી વિદ્યાર્થીના ભવિષ્ય સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે. જેને ધ્યાનમાં લેતા આ પ્રકારની શાળાઓ સામે જરૂરી પગલા ભરવાનો આદેશ આપવામાં આવ્યો છે. ઘણા વર્ષોથી ગેરકાયદેસર ચાલતી શાળોની ૨૦૧૮માં બોર્ડને જાણ થતા શિક્ષણ વિભાગે આ મામલાને ગંભીરતાથી લીધો છે.

સામાન્ય રીતે માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા શરૂ કરવા માટે શિક્ષણ બોર્ડની મંજૂરી લેવી જરૂરી છે. જો બોર્ડની મરજી વગર કોઈ શાળા શરૂ કરવામાં આવે તો તેને અમાન્ય માનવામાં આવે છે. જો આ વ્યવસ્થા સાથે ચેડા કરવામાં આવે તો તે શાળા સામે કાયદેસર કાર્યવાહી કરવામાં આવે છે. અગાઉ જાહેર થયેલા પરિપત્ર અનુસાર, શહેરમાં અંદાજે ૫૦ જેટલી અમાન્ય શાળાઓ છે. જેમા વાલીઓને જણાવ્યું છે કે આ પ્રકારની સ્કૂલોમાં પોતાના બાળકોને મોકલીને તેમનું ભવિષ્ય ના બગાડે. શહેરના ગ્રામીણ વિસ્તારોમાં સૌથી વધારે અમાન્ય શાળાઓ ચાલી રહી છે. હવે બોર્ડ દ્વારા સમગ્ર મામલો ગંભીરતાથી લેવાયો છે અને હવે ઝીણવટભરી તપાસ અને ચકાસણી બાદ આવી ગેરકાયદે શાળાઓ વિરૂધ્ધ આકરી કાર્યવાહી કરવામાં આવશે.

# ઊંઝા મામલતદાર કચેરીમાં વ્યાપક ભ્રષ્ટ્રાચારનો આક્ષેપ

ઊંઝા, તા. ૧૫

ઊંઝા ખાતે આવેલ તાલુકા મામલતદાર કચેરીમાં છેલ્લા કેટલાક વખતથી ભ્રષ્ટાચારના મહારાક્ષસે માથું ઉંચક્યુ હોવાની લોક ફરિયાદો ઉઠવા પામી છે.

લોકોમાં ચર્ચાતી વાતો મુજબ ઊંઝા મામલતદાર કચેરીની ઈધરા, સબરજીસ્ટ્રાર, મહેસૂલ શાખાઓમાં કામકાજ અર્થે આવતા નાગરિકો પાસેથી કેટલાક અધિકારીઓ અને કર્મચારીઓ વ્યાપકપણે કટકી કરતા હોવાનું સરેઆમ ચર્ચાય છે. ઈધરા તથા જમીન મહેસુલને લગતા કામકાજમાં આ કચેરીના સરકારી બાબુઓને જ્યાં સુધી નૈવેધ ન ધરાવાય ત્યાં સુધી તેઓ રીઝતા નથી અને નાગરિકોને ખોટી રીતે ધક્કા ખવડાવી કામમાં વિલંબ થાય તેવી કુટનીતિ અપનાવતા હોય છે. આ કચેરીમાં કામકાજ અર્થે આવતા લોકો પાસેથી ગેરકાયદે નાણાં માંગવામાં સરકારી બાબુઓ લેશમાત્ર શરમ અનુભવતા નથી. અને જાણે એક શિરસ્તો હોય તેમ આ કચેરીમાં કામ મંજુર કરાવવા રૂપિયા માંગી લેવાય છે. આવા ભ્રષ્ટાચારના કિસ્સાના કેટલાયે લોકો ભોગ બન્યા છે. પરંતુ કોણ જાણે કેમ તેઓની મજબુરી અણઆવડત યા સક્ષમ ન હોવાથી ફરિયાદો થઈ શકતી નથી. પરિણામે ભ્રષ્ટાચારી તત્વોને ફાવટ આવી ગઈ છે.

આ કચેરીની જુદી જુદી શાખાઓમાં ગેરરીતિઓ થતી હોવાના આક્ષેપો પણ થઈ રહ્યા છે. આ અંગે ઉચ્ચકક્ષાએથી ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકાવનારી હકિકતો બહાર આવે તેમ છે. તેવુ લોકોમાં બોલાય છે. કચેરીમાં કામકાજ અર્થે આવતા નાગરિકોને વ્યવસ્થિત યોગ્ય માર્ગદર્શન મળતુ નથી. ઉલ્ટાનું તોછડાઈભર્યુ વર્તન કરીને હેરાન પરેશાન કરવાની પ્રવૃતિ કરાય છે. જમીનને લગતી નોંધો, પ્રાંત અધિકારીના હૂકમોના અમલમાં ખાસ્સો વિલંબ કરાય છે.

આ કચેરીમાં મોટાભાગે ગરીબ વર્ગ, ખેડૂતવર્ગ અને જરૂરીયાતવાળા માણસો કામકાજ અર્થે આવે છે. જે પૈકી જેઓને કુદરતે થપાટ મારી છે, તેવા માણસોને પણ આ કચેરીના બાબુઓ થપાટ મારવાનું ચુકતા નથી. જ્યારે રાજકારણીઓ, રાજકીય વગ ધરાવતા આર્થિક રીતે શક્તિશાળી તેમજ ગેરકાયદે વ્યવહારમાં સમજતા લોકોના કામો ઝડપથી થાય છે. કહે છે કે આ કચેરીમાં કેટલાક ભ્રષ્ટ અધિકારીઓ, કર્મચારીઓ અને કથિત એજન્ટોની ટોળકી સાથે મળી સંબંધબળથી ભ્રષ્ટાચાર કરે છે અને અંદરોઅંદર હોદ્દા પ્રમાણે ભાગ બટાઈ થતી હોવાના આક્ષેપો થઈ રહ્યા છે.

કહે છે કે મામલતદાર કચેરીમાં કેટલાક સ્ટેમ્પ વેન્ડરો અને તેમના માણસો લોકોના કામકાજમાં વચેટીયા તરીકેની ભૂમિકા અદા કરીને લોકો પાસેથી તગડી રકમ પડાવતા હોવાનું લોકજીભે ચર્ચાય છે. કેટલાક સ્ટેમ્પ વેન્ડરો એટલા રીઢા બની ગયા છે કે નાગરિકોને ૨૦ રૂપિયાના સ્ટેમ્પ આપવામાં અખાડા કરતા હોય છે. નવાઈની વાત તો એ છે કે ઊંઝા તિજોરી કચેરીના અધિકારી પણ સ્ટેમ્પ વેન્ડરો સામે પગલાં ભરવામાં પાછીપાની કરી રહ્યા છે. ઉપરોક્ત બાબતે ઉચ્ચકક્ષાએથી નિષ્ઠાવાન અધિકારી દ્વારા ઝીણવટભરી તપાસ હાથ ધરાય તો ઘણી ચોંકાવનારી હકિકત બહાર આવે તેમ છે.

# પાટણ જિલ્લામાં રાહત ભાવથી તુવેરદાળનું વિતરણ

પાટણ, તા. ૧૫

રાજ્ય સરકાર દ્વારા જાહેર વિતરણ યોજના હેઠળ મે મહિના દરમ્યાન તુવેરદાળનું વાજબી ભાવે વિતરણ શરૂ કરી દેવામાં આવ્યું છે. અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોના રેશનકાર્ડ ધારકોને ૧ કિલોગ્રામ તુવેરદાળ પ્રતિ કાર્ડ અથવા કુટુંબદીઠ રૂ.૩૭/- ના વાજબી ભાવે આપવામાં આવશે. રાહત દરે વાજબી ભાવની દુકાનમાંથી આવા રેશનકાર્ડ ધારકો તુવેરદાળ મેળવી શકશે. જેનો અંત્યોદય અને અગ્રતા ધરાવતા કુટુંબોના રેશનકાર્ડ ધારકોએ લાભ લેવા જિલ્લા પુરવઠા અધિકારી જણાવાયું છે.

# પાકવીમો ન મળતા ખેડૂતોમાં ભારે રોષ, કેનેરા બેંકમાં હોબાળો મચાવ્યો

અમરેલી,તા.૧૫

રાજુલામા કેનેરા બેંકમા ૨૦૦ જેટલા ખેડૂતો ખાતું ધરાવે છે. અહીં બેંક દ્વારા પ્રિમીયમ નહીં કાપેલ હોવાને કારણે પાક વિમો ખેડૂતોને મળ્યો નથી. જેને લઈને ખેડૂતોમાં રોષ ફાટી નીકળ્યો હતો અને ખેડૂતોનુ ટોળુ બેંકમા ધસી ગયું હતું અને ઉગ્ર રજૂઆતો કરી હતી. બાદમાં બેંકમાં જ પાંચ કલાક સુધી ધામા નાખ્યા હતા. જો કે પોલીસ સમજાવટથી મામલો થાળે પડ્યો હતો.

બેંકમા ટેક્નિકલ ખામીના કારણે આ પ્રકારની સ્થિતિનું નિર્માણ થયું છે. જેને લઈને અગાઉ પણ ધારાસભ્ય અંબરીશ ડેર દ્વારા અહીં રજૂઆતો કરી હતી. અને અગાઉ પણ ખેડૂતોએ અહીં હોબાળો મચાવ્યો હતો. પરંતુ તે સમયે બેક્ર દ્વારા ધારાસભ્ય અંબરીશભાઈ ડેરની હાજરીમાં બેક્ર દ્વારા ખાતરી આપવામાં આવી હતી. તેમ છતાં તે મુદત પૂરી થઈ અને કોઈ નિવેડો આવ્યો નહીં જેને લઈને બેક્ર સામે ખેડૂતોમાં ફરી રોષ ફાટી નીકળ્યો હતો અને ખેડુતોનુ ટોળુ બેંકમાં ઘૂસતા બેક્ર દ્વારા પોલીસને બોલાવી હતી.પોલીસ તંત્ર દ્વારા ચૂસ્ત બંદોબસ્ત ગોઠવાયો હતો.

# સરકારી આવાસ યોજનાનો વિરોધ કરી સ્થાનિકોએ કામ બંધ કરાવ્યું

રાજકોટ,તા.૧૫

રાજકોટ શહેરના શ્યામલ કુંજ વિસ્તારમાં બની રહેલા સરકારી આવાસ યોજનાનો સ્થાનિકો દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. સરકારીની આવાસની કામગીરી સામે સ્થાનિકોએ વિરોધ કરી બંધ કરાવ્યું હતું અને મહિલાઓ સહિત મોટી સંખ્યામાં લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. લોકોના ટોળા જોતા કામ કરી રહેલા કર્મચારીઓ કામ પડતુ મુકી ભાગી ગયા હતા.

સ્થાનિકોનો વિરોધ છે કે આ વિસ્તારમાં ૨૦૦ મીટરમાં જ ૫ આવાસ યોજના છે. ત્યારે આ છઠ્ઠી આવાસ યોજના ન બને. જો કે સ્થાનિકોએ આ અંગે તંત્રને અનેક વખત રજૂઆત કરવા છતાં સરકાર દ્વારા કામ ચાલુ રાખવામાં આવ્યું હતું. જેને લઈને રોષે ભરાયેલા લોકોએ બુધવારે ઉગ્ર વિરોધ કરી કામ અટકાવ્યું હતું.